મહાનુભાવ સૂરદાસજી

* લેખક *

વસંતબેન ર. પરીખ

* પ્રકાશક *

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

Mahanubhav Surdasji

by Vasantben Rameshbhai Parikh

* * *

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

* * *

પ્રાપ્તિસ્થાન
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રૂબરૂ અને પોસ્ટથી)
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૯૬૩૫૩ ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

●

વિજયભાઈ એમ. દેસાઈ (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઇક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧ ૦૦૮૪ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬ ૦૮૫૮

* * *

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર-૨૦૦૫

* * *

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૦૫/-

* * *

મુદ્રણ
પુષ્ટિ પ્રિન્ટ્સ
૧૩, જી.આઇ.ડી.સી. ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા. ફોન : ૨૪૫૩૦૪

બાલમિત્રોને

બાલમિત્રો તમને સૌથી વધુ ગમે વાર્તા, ખરુંને? વાર્તાનું પુસ્તક હાથમાં આવી જાય તો જમવાનું પણ યાદ ન આવે. આ પુસ્તકમાં તમને મજા પડે તેવી એક સુંદર અષ્ટસખાઓ પૈકીના એક મહાન કવિ તે મહાનુભાવની વાર્તા છે. સૂરદાસજી જન્મથી નેત્રહિન છતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી એમને એવી અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થયેલી કે તેમને શ્રીઠાકોરજીની લીલાનાં સાક્ષત્ દર્શન હૃદયમાં થાય. એ દર્શન કરીને તેઓ એ લીલાની ભાવનામાં સુંદર કીર્તન રચીને શ્રીઠાકોરજી સમક્ષ ગાય. એ દિવસે પ્રભુએ જેવાં વસ્ત્ર શૃંગાર ધર્યાં હોય તેનું આબેહૂબ વર્ણન કરે. શ્રીઠાકોરજી ખૂબ પ્રસન્ન થાય. આવા સવા લાખ કીર્તનો તેમણે રચેલાં.

આવા ભક્ત કવિની વાર્તા આ નાનકડું પુસ્તક તમને કહેશે. બાળપણથી નેત્રહિન હોવાના કારણે દુઃખમય બનેલું સૂરદાસજીનું જીવન, છતાંયે પ્રભુસ્મરણ-કીર્તનની ટેકથી મળેલી અલૌકિક દૃષ્ટિ, શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રભુની લીલાનાં દર્શન, જીવનભર કરેલી શ્રીજીબાવાની કીર્તનસેવા, ગોપાલ બની શ્રીજીબાવાએ સૂરદાસજીની કરેલી સેવા, 'પુષ્ટિમાર્ગના જહાજ'નું બિરુદ પામેલા સૂરદાસજીનો અંત સમય વગેરે ઘણી બાબતો તમને આ પુસ્તક કહેશે.

વ્રજભાષાના આ મહાન ભક્ત કવિની વાર્તા વાંચીને એમણે રચેલાં કીર્તનો વિશે જાણકારી મેળવવાનો, એ કીર્તનો ગાવાનો અને એ દ્વારા તમારા સેવ્ય પ્રભુને પ્રસન્ન કરવાનો પ્રયત્ન જરૂર કરશો.

ડિસેમ્બર-૨૦૦૫ - વસંતબેન પરીખ

અનુક્રમણિકા

અ.નં.	નામ	પાન નં.
૧.	સોનામહોરો બતાવી	૫
૨.	અલૌકિક દૃષ્ટિ અને પ્રભુની કૃપા	૭
૩.	સૂરદાસમાંથી સૂરસ્વામી બન્યા	૯
૪.	શ્રીવલ્લભની કૃપા	૧૧
૫.	નંદમહોત્સવનો સાક્ષાત્કાર	૧૩
૬.	અકબર બાદશાહના દરબારમાં	૧૮
૭.	દેખો રી હરિ નંગમનંગા	૨૧
૮.	ભક્તવત્સલ ભગવાન	૨૪
૯.	બુઢ્ઢો બેલ નાથ્યો	૨૬
૧૦.	સવા લાખ પદોની રચના	૩૧
૧૧.	પુષ્ટિમાર્ગનું જહાજ	૩૩

મહાનુભાવ સૂરદાસજી

૧. સોના મહોરો બતાવી

દિલ્હી પાસે સિંહી નામનું એક ગામ આવેલું છે. આ ગામમાં સારસ્વત બ્રાહ્મણોનાં ઘણાં ઘર હતાં. તેમાં એક રામદાસ નામના બ્રાહ્મણનું ઘર. તેમની પત્નીનું નામ ભાગ્યલક્ષ્મી. તેમને ઘેર ત્રણ દીકરા હતા અને થોડા સમય પછી ચોથા દીકરાનો જન્મ થયો.

કુટુંબની સ્થિતિ નિર્ધન. આવકનું કોઈ સાધન નહિ. નહિ ખેતી કે નહિ વેપાર. યજમાનગીરી ખરી પણ તે બ્રાહ્મણને કોઈ વિધિ કરાવતા આવડે નહિ તેથી યજમાનો કંઈ દક્ષિણા પણ ન આપે. આવા સમયે ચોથા પુત્રના જન્મથી ઘરમાં સૌને ચિંતા થઈ. વળી જોયું તો આ છોકરો તો જન્મથી જ અંધ હતો. આંખોના ખાડા પણ નહિ. કપાળ અને ગાલ બધું સપાટ ચામડીથી જોડાયેલું. માતા-પિતાને માટે આ પુત્ર ચિંતાનો વિષય બન્યો. ઘરમાં પુત્રજન્મના આનંદને બદલે ગમગીની છવાઈ ગઈ.

અંધ હોવાથી સૌ આ બાળકને 'સૂર' કહી બોલાવતા. કોઈને એને માટે પ્રેમ નહિ. કોઈ એની કાળજી ન લે. જેમ તેમ કરતાં આ બાળક પાંચ વર્ષનો થયો.

એક દિવસ એક શ્રીમંત યજમાનને ઘેર લગ્નનો પ્રસંગ આવ્યો. તે યજમાનને આ ગરીબ બ્રાહ્મણની દયા આવી અને દક્ષિણામાં બે સોના મહોર આપી. સોનામહોર મળતાં ઘરમાં સૌ રાજી રાજી થઈ ગયાં. બેચાર મહિના ખાવા-પીવાની તકલીફ નહિ પડે એ વિચારથી સૌને આનંદ થયો.

પરંતુ રાત પડતાં પ્રશ્ન થયો કે આ ખંડેર જેવા ઘરમાં સોનામહોરો સાચવીને મૂકવી કયાં? ઘરમાં કોઇ કબાટ તો હતું નહિ. એક મેલા કપડામાં બાંધીને સોનામહોરો એક છાજલી ઉપર મૂકી. વિચાર કર્યો કે સવારે આને વટાવી સીધુંસામાન લઇ આવીશું. સોનામહોરો મળવાના આનંદમાં તે દિવસે સૌને મીઠી ઊંઘ આવી ગઇ.

પરંતુ ઘરના ઉંદરોને ઊંઘ ન આવી. તેઓ એ સોનામહોર બાંધેલા તેલીયા કપડાની પોટલીને ખેંચીને મકાનની છતમાં આવેલી બખોલમાં લઇ ગયા. ત્યાં મૂકી દીધી.

સવાર પડી. સૌને ખબર પડી કે સોનામહોરો ગુમ થઇ ગઇ છે. ઘણી શોધ કરી પણ પત્તો ન લાગ્યો. સૂરદાસના માતાપિતા રડવા લાગ્યા. માંડ માંડ આવેલી લક્ષ્મી ચાલી ગઇ હતી. તે દિવસે ઘરમાં કોઇએ ખાનપાન પણ ન કર્યું. સૌ વિલાપ કરતા બેસી રહ્યા.

નથી રડતા એક સૂરદાસ. તેમણે સૌને કહ્યું : 'બા-બાપુજી, આમ દુ:ખી થઇને રડો છો શા માટે? એને બદલે ભગવાનનું સ્મરણ-ભજન કરો. તેનાથી બધું સારું થશે.'

આ સાંભળતાં તો સૂરદાસના માતાપિતા ઉકળી ઊઠ્યા. કહે છેઃ 'દીકરા, તું જે દિવસથી આ ઘરમાં આવ્યો છે તે દિવસથી અમારા દુ:ખનો પાર નથી.અમને બે ટંક ખાવાના પણ સાંસા પડે છે. આજે તો વળી ઘરમાં આવેલી લક્ષ્મી પણ ચાલી ગઇ. તું કેવું નસીબ લઇને આવ્યો છે તે સમજાતું નથી.'

સૂરદાસ કહે છેઃ 'બાપુજી, તમારી વાત સાચી છે. હું ખૂબ કમનસીબ છું. મારા જેવાને ઘરમાં રાખશો ત્યાં સુધી તમારું પણ સારું નહિ થાય; માટે જો તમે મને ઘરમાંથી જવાની છૂટ આપો તો હું તમને તમારી ખોવાયેલી મહોરો બતાવી દઉં.' સૂરદાસનું મન આ ઘરમાં લાગતું ન હતું. તેમને આ ઘર છોડીને જવું હતું તેથી તેમણે પિતાજી સાથે શરત કરી.

'દીકરા, તું આંખો તો ભગવાનને ઘેર મૂકીને આવ્યો છે. તું અમને શું મહોરો બતાવવાનો છે?'

'મને તમે જવાની રજા આપો. પછી જુઓ હું મહોરો બતાવું છું કે નહિ?'

મહોરોના લોભમાં માતાપિતાએ સગા દીકરાને ઘર છોડી જવાની રજા આપી.

'ભલે, મહોરો બતાવી દે. પછી તારે જ્યાં જવું હોય ત્યાં જજે. અમે તને રોકીશું નહિ, બસ!' તેમને મનમાં હતું કે કોણ આની લાકડી પકડવા આવશે? એકલો ક્યાં જવાનો છે?'

સૂરદાસે છાપરાની બખોલમાં મહોરો છે તેવું જણાવ્યું. શોધતાં ત્યાંથી મહોરો મળી પણ ખરી. સૌ રાજી રાજી થઇ ગયાં. તેમને થયું આ નકામો આંધળો દીકરો તો ખરો ચમત્કારી છે! ખરો જ્ઞાની છે! બધાં તેને ઘર ન છોડવા મનાવવા લાગ્યાં.

સૂરદાસ કહે : મેં પહેલેથી જ શરત કરી છે. તમે મને ઘર છોડવાની રજા આપી છે. હવે જો મને ઘરમાં રાખશો તો તમારી સોનામહોરો ફરી ખોવાઇ જશે.'

માતાપિતા કહે : 'બેટા, આજ સુધી તો આપણા ઘરમાં ખાવા-પીવાના સાંસા હતા. હવે આ મહોરો મળી છે. તેનું અનાજ આવશે. એ અનાજ ચાલે ત્યાં સુધી ઘરમાં તું રહે. પછી તારે જવું હોય ત્યાં જજે.'

'મા, મેં તમને કહ્યું ને કે મને ઘરમાં રાખશો તો ફરી તમને દુ:ખ આવશે. માટે મને જવા દો.'

માતાપિતાએ ન છૂટકે રજા આપી. બાળક સૂરદાસ લાકડી ઠપકારતા, પહેરેલે કપડે, એકલા ઘર છોડી ચાલી નીકળ્યા.

★ ★ ★ ★ ★

૨. અલૌકિક દૃષ્ટિ અને પ્રભુની કૃપા

બાળક સૂરદાસ એકલા ઘર છોડીને ચાલી નીકળ્યા છે. પ્રભુ સિવાય કોઇ એમને દોરનારું નથી. ચારેક માઇલ ચાલ્યા હશે ત્યાં એક ગામ આવ્યું. ગામને પાદરે એક તળાવ છે. તળાવને કાંઠે પીંપળાનું વૃક્ષ છે. બાળક સૂરે તળાવમાંથી

પાણી પીધું. થોડો થાક ઓછો થયો. વૃક્ષ નીચે છાયામાં બેસી ભગવાનનું ભજન કરવા લાગ્યા. રસ્તે જતા આવતા લોકોની નજર તેમના ઉપર પડે છે. મધુર કંઠે ગવાતું ભજન સાંભળે છે પણ કોઇ તેમની ખબર પૂછતું નથી. ફિકર કરતું નથી.

જેની ફિકર કોઇ ન કરે તેની ફિકર ભગવાન કરે છે. પોતાનો આ નાનકડો ભક્ત સવારથી ભૂખ્યો બેસી રહે તે ભગવાનને કેમ ગમે? સૂરને ભોજન મળે તે માટે પરમ કૃપાળુ ભગવાને એક નાટક કર્યું.

એ ગામનો જમીનદાર એક બ્રાહ્મણ હતો. આગલી રાત્રે તેની દશેક ગાયો ચોરાઇ ગઇ હતી. એ જમીનદાર પોતાના ત્રણ-ચાર માણસોને લઇને એ ચોરાયેલી ગાયો શોધવા નીકળ્યો હતો. તળાવ પાસે એ લોકોને ગાયો માટે પૂછતો હતો. બાળક સૂરે એની વાત સાંભળી. જમીનદારને પાસે બોલાવી કહ્યું:

'ભાઇ, તમારી ગાયો હું બતાવું છું. સાંભળો, અહીંથી એક ગાઉ દૂર એક ગામ છે. ત્યાંના જમીનદારના માણસો તમારી ગાયોને ભગાડી ગયા છે. એના ઘરની પાછળના વાડામાં જ્યાં તે ઘોડા બાંધે છે ત્યાં તેણે તમારી ગાયો બાંધી છે. ત્યાં તપાસ કરો. તમારી ગાયો જરૂર મળશે.'

જમીનદારને નવાઇ લાગી. આટલો નાનો છોકરો અને તે પણ પાછો અંધ! તેની વાત કેવી રીતે મનાય? છતાં ગાયો મેળવવાની આશામાં જમીનદાર ત્યાં તપાસ કરવા ગયો. ખરેખર બાળક સૂરે બતાવેલી જગ્યાએથી જ તેની દશે ગાયો મળી ગઇ! તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

ગાયો પોતાના ઘેર બાંધી એ દોડતો સૂરદાસ પાસે આવ્યો. કહે છે : 'બાળક, તને ધન્ય છે. તું ભગવાનનો સાચો ભક્ત છે. ભગવાનની કૃપાથી જ તને આવી અલૌકિક દૃષ્ટિ મળી છે. તેં બતાવેલી જગ્યાએથી જ મારી ગાયો મળી ગઇ છે. હવે તું મારે ઘેર ચાલ. હું તારી સેવા ચાકરી કરીશ.'

'જુઓ ભાઇ, મારે ગામમાં કે તમારા ઘેર આવવું નથી. હું તો અહીં જ રહીશ અને પ્રભુનું ભજન કરીશ. પ્રભુનું સ્મરણ ભજન કરવા તો ઘર છોડીને હું અહીં આવ્યો છું. અહીં જ ભગવાન આપશે તે ખાઇશ.'

'બાળક, આમ ઝાડ નીચે ખુલ્લામાં રહેવાય નહિ. એમ કરીએ, હું તને અહીં એક નાની ઝૂંપડી બનાવી આપું. હું બ્રાહ્મણ છું. મારા ઘેરથી રોજ તારે માટે ભોજન મોકલીશ. ભલે, અહીં રહી તું પ્રભુનું ભજન કરજે.'

'ના જી, રસ્તામાં લાવેલી દાળ રોટી અપવિત્ર કહેવાય. તે હું નહિ ખાઉં.'

'તારે માટે હું દૂધમાં પૂરી, શાક બનાવી લાવીશ. તું કોઇ વાતે ચિંતા ન કરીશ. તું સવારનો ભૂખ્યો છે. જો આ હાંડીમાં હું દૂધ લાવ્યો છું. તે તું પી લે.'

જમીનદારે સૂરદાસને આગ્રહ કરી દૂધ પીવડાવ્યું. દૂધમાં બનાવેલું ભોજન ઘેરથી લાવી તેને જમાડ્યો. ત્યાં જ એક સરસ પર્ણકુટિ બનાવી દીધી. એક માણસ તેની ચાકરીમાં રાખી દીધો. બધી વ્યવસ્થા કરીને જમીનદાર પોતાના ઘેર ગયો. સૂરદાસ વિચારે છે : 'ઘર છોડ્યું ત્યારે કશું વિચાર્યું ન હતું પરંતુ ભગવાને કેવી સરસ વ્યવસ્થા કરી દીધી!'

દરરોજ જમીનદાર તેને માટે બે વખત દૂધમાં બનાવેલું ભોજન મોકલે છે. બાળક સૂરદાસ પર્ણકુટિમાં રહી આનંદથી પ્રભુનું ભજન કરે છે. ધીરે ધીરે સૂરદાસની વાત ચારે બાજુ ફેલાતી ગઇ. અનેક લોકો પોતાની મૂંઝવણ લઇ સૂરદાસ પાસે આવવા લાગ્યા. સૂરદાસ દિવ્ય દૃષ્ટિથી જાણી સૌને સાચી સલાહ આપવા લાગ્યા. સૂરદાસનો મહિમા વધવા લાગ્યો.

* * * * *

3. સૂરદાસમાંથી સૂરસ્વામી બન્યા

સૂરદાસ તળાવના કિનારે પર્ણકુટિમાં રહે છે. મધુર કંઠે ભજન ગાય છે. આસપાસના લોકો તે ભજનો સાંભળવા એકઠા થાય છે. કેટલાક લોકો પોતાના અનેક પ્રશ્નો લઇ તેમને પૂછવા આવે છે. સૂરદાસ પોતાની દિવ્ય દૃષ્ટિથી એ પ્રશ્નોના જવાબો આપે છે. ગ્રામજનોને તેમના ઉપર આસ્થા વધતી જાય છે. તેઓ તેમના સેવક થવા માંડ્યા છે. તેમની કંઠી બાંધવા લાગ્યા છે. સૂરદાસ હવે 'સૂર સ્વામી' બની ગયા છે.

સૂરદાસજીના શિષ્ય બનેલા લોકો તેમને માટે અન્ન, વસ્ત્ર, વાસણો વગેરે અનેક ચીજો લઇ આવે છે. વૈભવ વધતો જાય છે. ઝૂંપડીની જગ્યાએ પાકું મકાન બની ગયું છે. આમ કરતાં કરતાં સૂરદાસજી ૧૮ વર્ષના થયા.

સૂરદાસ તો ભગવાનના ભક્ત છે. તેમને આ વૈભવનો મોહ નથી. સંપત્તિ તેમને ભારરૂપ લાગે છે. વિચારે છે કે એક ઘર છોડીને નીકળ્યો હતો. અહીં આ નવું ઘર ઊભું થયું છે. પ્રભુની ભક્તિ માટે અહીં એકાંત મળતું નથી. રાતદિવસ લોકો પીછો છોડતા નથી. તેમના અનેક પ્રશ્નો લઇને આવ્યા જ કરે છે. આ વધતી જતી પ્રતિષ્ઠા હવે મને પીડારૂપ લાગે છે. આમાંથી છૂટવાનો ઉપાય કરવો પડશે.

સૂરદાસજીને સંપત્તિ ઉપર ખૂબ વૈરાગ્ય આવી ગયો ત્યારે એક દિવસ તેમણે નક્કી કર્યું કે આ બધો વૈભવ અને મોટું ઘર છોડીને ક્યાંક એકાંત સ્થળે ચાલ્યા જવું, જ્યાં શાંતિથી પ્રભુભજન થાય. જતાં પહેલાં બધી સંપત્તિ પોતાના માતાપિતાને આપી દેવાનું વિચાર્યું. એક સેવકને મોકલી માતાપિતાને બોલાવ્યાં. ઘર અને વૈભવ તેમને સોંપ્યાં. પોતે એક લાઠી લઇ પહેરેલે કપડે ચાલી નીકળ્યા. કેટલાક શિષ્યો પણ તેમની સાથે થયા.

રસ્તામાં તેમણે વિચાર કર્યો: 'વ્રજ પ્રભુની લીલાસ્થળી છે માટે ચાલો વ્રજમાં જઇને રહીએ.'

ચાલતાચાલતા મથુરા આવ્યા. વિશ્રામઘાટ ઉપર શ્રીયમુનાજીનાં દર્શન કર્યાં. વળી પાછો વિચાર આવ્યો: 'અહીં રહીશ તો અહીં પણ મારું માહાત્મ્ય વધશે. મોટા શહેરમાં લોકોને અનેક સુખદુ:ખ હોય, તેથી સૌ પૂછવા આવશે. આ તો શ્રીકૃષ્ણની ભૂમિ છે. અહીં મારે મારું માહાત્મ્ય પ્રકટ કરવું જોઇએ નહિ.

આમ વિચારી આગળ ચાલ્યા. મથુરા અને આગરાની વચ્ચે શ્રીયમુનાજીને કિનારે ગૌઘાટ છે, ત્યાં આવ્યા. સુંદર, રમણીય એકાંત સ્થાન હતું. તેમને આ સ્થાન ગમી ગયું. અહીં શાંતિથી પ્રભુભક્તિ થશે એમ માનીને ત્યાં રહેવાનું નક્કી કર્યું. ગૌઘાટ ઉપર નિવાસ કરીને રહ્યા.

ફૂલની સુગંધ કદી પ્રસર્યા વગર રહેતી નથી તેમ અહીં પણ તેમનું માહાત્મ્ય વધતું ગયું. અનેક લોકો તેમની પાસે ભજનો સાંભળવા અને ભવિષ્ય પૂછવા આવવા લાગ્યા, પણ સૂરદાસજીના મનમાં હવે મોટાઇ નથી. ધનનો લોભ નથી. અહીં ઘણા લોકો તેમના સેવકો થયા. પણ સૂરદાસ તો હંમેશા પ્રભુને આ બધામાંથી છોડાવવા વિનંતી કરતા રહ્યા.

એક દિવસ પ્રભુએ એમની વિનંતી સાંભળી.

* * * * *

૪. શ્રીવલ્લભની કૃપા

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી અડેલથી વ્રજ તરફ પધારી રહ્યા હતા. સાથે ઘણા સેવકો પણ હતા. વચમાં ગૌઘાટ પાસે આપશ્રીએ મુકામ કર્યો. મુકામ કરીને શ્રીયમુનાજીના કિનારે સ્નાન સંધ્યા કરવા પધાર્યા.

તે સમયે સૂરદાસજીના શિષ્યો શ્રીયમુનાજીના તટે સ્નાન કરવા માટે આવેલા. આપશ્રીનાં દર્શનથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. આપના સેવકો પાસેથી પરિચય મેળવી પહોંચ્યા સૂરદાસજી પાસે.

'બાબા, આજે યમુનાજીના તટે એક પ્રતાપી મહાપુરુષ પધાર્યા છે. અમે હમણાં જ દર્શન કરીને આવ્યા. ચાલો, આપને તેમનાં દર્શને લઈ જઈએ.'

'એમનું નામ શું છે?' સૂરદાસજીએ પૂછ્યું.

'તેમના શિષ્યો કહે છે કે આપશ્રીનું નામ શ્રીમદ્ વલ્લભાચાર્યજી છે.' આટલું સાંભળતા સૂરદાસજીને શ્રીવલ્લભનાં દર્શન કરવાની આતુરતા થઈ. લીલાના જીવ હતા. લીલા મધ્યપાતી શ્રીવલ્લભનું આકર્ષણ થાય એમાં શું નવાઈ!

પોતાના શિષ્યો સાથે શ્રીવલ્લભનાં દર્શને પહોંચી ગયા. સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રીવલ્લભે પોતાના જીવને ઓળખ્યો. ખૂબ પ્રેમભરી વાણીથી એમને સત્કાર્યા : 'આવો સૂરદાસજી!'

સૂરદાસજી દંડવત કરીને બેઠા. શ્રીમહાપ્રભુજીએ ભક્તના હૃદયને પારખી લીધું. કહે છે : 'અમને કંઈક ભગવદ્ યશ ગાઈ સંભળાવો. સૂર!'

શ્રીવલ્લભે પોતાને ઓળખી લીધા છે એ જાણીને સૂરદાસજી તો ગદ્ ગદ્ થઈ ગયા. 'મહારાજ, ભગવદ્ યશ ગાતાં તો મને ક્યાંથી આવડે? હું તો મહા પતિત જીવ છું; પરંતુ આપની આજ્ઞા છે તો મને જેવું આવડે તેવું ગાઉં છું.' આટલું કહીને એમણે એક પદ ગાયું.

પ્રભુ! હોં સબ પતિતનકો ટીકો ।
ઔર પતિત સબ દ્યોસ ચારકે, હોં તો જન્મત હી કો ॥૧॥
બધિક અજામીલ ગણિકા તારી, ઔર પૂતના સી કો ।
મોહિ છાંડ તુમ ઔર ઉદ્ધારે, મિટે સૂલ ક્યોં જીકો ॥૨॥
કોઉ ન સમરથ શુદ્ધ કરનકો, ખેંચ કહત હો લીકો ।
મરિયત લાજ, સૂર પતિતનમેં, કહત સબેં મોય નીકો ॥૩॥

આ પદમાં સૂરદાસજીએ કહ્યું કે હે પ્રભુ હું સર્વ પતિત - પાપીઓનો શિરોમણિ છું. તમે ઘણા પાપીઓનો ઉદ્ધાર કર્યો છે તે પ્રમાણે મારો પણ ઉદ્ધાર કરો.

શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીનું આ દીનતા ભરેલું પદ સાંભળ્યું. આપ ખૂબ પ્રસન્ન થયા. વિચારે છે કે આ જીવ ખરેખર કૃપાને પાત્ર છે. પ્રભુને પોતાનો ઉદ્ધાર કરવા કેવી દીનતાથી વિનંતી કરે છે!

આપશ્રીએ આજ્ઞા કરી : 'સૂરદાસજી, જીવ તો સ્વભાવથી દુષ્ટ જ છે. એમાં ઝાઝું શું કહેવાનું હોય? પણ એ દુષ્ટતા ભગવાનનો યશ ગાવાથી, તેમની લીલાનું ચિંતન કરવાથી દૂર થાય છે. માટે તમે ભગવાનના યશનું વર્ણન કરો. તમે તો નામથી જ 'સૂર' (શૂરવીર) છો. શૂરવીર થઈને આવી કાયર વાણી કેમ બોલો છો?'

'મહારાજ, ભગવાનની લીલા અને તેમના યશનો અનુભવ તો આપ મને કરાવો તો હું તે ગાઉં. હું તો હંમેશ આવા પદો જ ગાઉં છું.' સૂરદાસજીએ વિનંતી કરી.

શ્રીવલ્લભે આજ્ઞા કરી : 'જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરીને આવો.' સૂરદાસજી સ્નાન કરીને આવ્યા. શ્રીવલ્લભે કૃપા કરીને તેમને નામ નિવેદન કરાવ્યું. પાસે બેસાડીને શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. આ સાંભળતાં જ સૂરદાસના હૃદયમાં ભક્તિના ભાવો ઉભરાવા લાગ્યા. નવધા ભક્તિ અને તે ઉપરાંત પ્રેમલક્ષણા ભક્તિ હૃદયમાં જાગી. જાણે શ્રીવલ્લભે પ્રભુની લીલાઓ રૂપી બીજ તેમના હૃદયમાં સ્થાપ્યું અને જીવનભર એ બીજમાંથી નવાં નવાં કીર્તનો રૂપી વૃક્ષવેલીઓ ઊગતાં રહ્યાં. સૂરદાસ પ્રભુની વિવિધ લીલાનાં પદો બનાવતા ગયા. પ્રભુની સન્મુખ ગાતા રહ્યા. તેમણે નિશ્ચય કર્યો કે તેઓ આવાં સવા લાખ પદોની રચના કરશે.

* * * * *

૫. નંદમહોત્સવનો સાક્ષાત્કાર

સૂરદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક બન્યા. આપશ્રીએ સૂરદાસજીને **'પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર'** સંભળાવ્યો એટલે ભાગવતની સમગ્ર લીલાઓ એમને હૃદયમાં સ્ફૂરવા લાગી. આપશ્રીની કૃપાથી પ્રભુની વિવિધ લીલાઓનાં દર્શન થવાં લાગ્યાં અને તે લીલાનાં પદો તેઓ ગાવા લાગ્યા.

શ્રીમહાપ્રભુજીએ એક દિવસ તેમને આજ્ઞા કરી : 'સૂર, નંદાલયની લીલાનું કોઈ કીર્તન ગાઓ.'

સૂરદાસજીને તરત જ નંદમહોત્સવનાં દર્શન થવા લાગ્યા. ગોકુલમાં નંદરાયજીને ઘેર શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયું છે. બાલકૃષ્ણલાલ પલને ઝૂલી રહ્યા છે. દર્શન કરતાં એમનું મન આનંદ વિભોર થઈ ગયું. એમણે એ લીલાનું વર્ણન કરતી ૬૦ લીટીની એક મોટી સુંદર વધાઈ ગાઈ.

વ્રજ ભયો મહરકે પૂત, જબ યહ બાત સુની ।
સુની આનંદે સબ લોગ, ગોકુલ ગનિત ગુની ।

આ વધાઈમાં સૂરદાસજીએ ગાયું કે વ્રજમાં યશોદા મૈયાને ત્યાં પુત્રજન્મ થયો છે એ વાત વ્રજમાં પ્રસરી ગઈ છે. વ્રજવાસીઓ ખૂબ આનંદમાં આવી ગયા છે.

ગુણીજનો, ભાટ્યાચકો, જ્યોતિષીઓ, બ્રાહ્મણો વગેરે નંદભવનમાં આવવા લાગ્યા છે. વેદમંત્રોથી નંદભવન ગાજી રહ્યું છે.

વ્રજની ગોપીઓએ પુત્ર જન્મની વાત સાંભળી. સૌએ નવાં વસ્ત્રો, આભૂષણો પહેરી લીધાં છે. નયનોમાં અંજન આંજ્યું છે. લલાટમાં બિંદી કરી છે. હાથમાં મંગલ સામગ્રીના થાળ લીધા છે. બનીઠનીને પોતાની સહિયરો સાથે નીકળી છે. ગોપીઓ ખૂબ ઉમંગમાં છે એટલે ખૂબ ઝડપથી ચાલે છે. કવિ કહે છે કે સુંદર લાલ સાડીઓ પહેરેલી આ ગોપીઓ એવી લાગે છે જાણે લાલ રંગના મુનિ નામના પક્ષીઓ પાંજરા તોડીને એકી સાથે ઊડી રહ્યાં ન હોય! એમનાં હૃદયમાં ખૂબ આનંદ છે. આનંદથી સહિયરો સાથે ગીતો ગાતાં ગાતાં ચાલે છે.

તેઓ ઝડપથી ચાલે છે ત્યારે પવનથી એમની સાડીનો પાલવ ઊડી રહ્યો છે. આનંદના અતિરેકમાં આ વાતનો તેમને ખ્યાલ રહેતો નથી. તેમનું મન નંદ નંદનના દર્શન કરવા એવું આતુર બન્યું છે કે લોક લજ્જા પણ વિસરાઈ ગઈ છે. તેમની વેગીલી ગતિને લીધે શરીર પસીનાથી ભીંજાઈ ગયું છે. કાનનાં આભૂષણો ડોલી રહ્યાં છે. વાળનો અંબોડો ઢીલો થઈ ગયો છે. તેમાંથી ફૂલોની વૃષ્ટિ થઈ રહી છે. પ્રભુનાં દર્શનનો એમને એટલો ઉત્સાહ હતો કે ઝડપથી ચાલીને એમના પતિ કરતાં પહેલી એ ગોપીઓ નંદભવનમાં પહોંચી ગઈ. રોહિણીજીએ એમને નંદભવનની અંદર બોલાવી લીધી.

અંદર પલનામાં ઢબુડીને પોઢાવેલા લાલનનું મુખ ઉઘાડીને તેમનું દર્શન કરે છે. આશીર્વાદ આપે છે. એક ગોપી કહે છે : મા, આ દિવસ, રાત, પહોર, ઘડી બધું ધન્ય બની ગયું છે. મા, તમારી કૂખને પણ કોટિ કોટિ ધન્યવાદ છે. જે કૂખે સાક્ષાત્ પ્રભુ પુત્ર રૂપે પ્રગટ્યા છે એ કૂખ ભાગ્ય - સૌભાગ્યથી સભર બની ગઈ છે. આજે સર્વ સુખો અને સર્વ ફળ મળ્યાં છે. મા, આ પુત્ર આખા પરિવારને સ્થિર કરીને સ્થાપશે. સર્વ દુઃખોને દૂર કરશે.

હવે કવિ ગોવાળોની વાત કરે છે. ગાયો ચરાવતા ગોવાળોએ પુત્ર જન્મની વાત સાંભળીને ગાયોને વાળી લીધી છે. પોતાના બાળકોને પાછા બોલાવ્યા

છે. ઘેર આવીને શણગાર પહેર્યા. કેવા શણગાર? ગુંજાની માળાઓના - ગોપીચંદનનાં ચિત્રોથી શરીરની શોભા કરી છે.

કોઈ ગોવાળે માથે દહીં - માખણના માટ લીધા છે. કોઈ ઝાંઝ-મૃદંગ બજાવવા લાગ્યા છે. સૌ ગીતો ગાતાં ગાતાં નંદભવનમાં આવી પહોંચ્યા છે. નંદભવનમાં આવીને મસ્ત બનીને નાચે છે. 'નંદ ઘેર આનંદ ભયો - નંદઘેર આનંદ ભયો' ગાતાં કોલાહલ મચાવી મૂક્યો છે. હળદર મિલાવેલું દહીં છાંટે છે. દહીં એટલું છાંટે છે કે લાગે છે કે જાણે દહીંનો વરસાદ વરસી રહ્યો છે. વરસાદ વરસે ત્યાં જલનો પ્રવાહ ચાલે. અહીં દૂધ, દહીં, માખણની નદીઓ વહી રહી છે! આનંદમાં મસ્ત બનેલા ગ્વાલો કોઈને ગાંઠતા નથી. સ્વચ્છંદ બનીને નાચી રહ્યા છે.

કોઈ નંદરાયજી પાસે દોડી જાય છે. એમને પગે પડે છે. કોઈ હસી હસીને પરસ્પર આલિંગન આપે છે. કોઈ બીજાને માથે દહીં રેડે છે. કોઈ બીજાને માથે ગોરોચન અને દુર્વા મૂકે છે. કોઈક તો આનંદમાં એવા ઘેલા થઈ ગયા છે કે પહેરેલાં વસ્ત્રો ઉતારી દે છે!

હવે સૂરદાસજી નંદરાયજી શું કરી રહ્યા છે તે બતાવે છે. નંદરાયજી સ્નાન કરીને ઊભા થયા છે. હાથમાં દર્ભ લીધો છે. સુંદર ચંદન વડે બ્રાહ્મણોને તિલક કરે છે. નાંદીમુખ, પિતૃપૂજન વગેરે વિધિઓ કરે છે. વડીલો અને બ્રાહ્મણોને વસ્ત્રો આપે છે. સૌને પગે લાગે છે.

નંદરાયજીને ઘેર અગણિત ગાયો છે. આ ગાયોનાં સુંદર વાછરડાં છે. પ્રભુના પ્રાકટ્યથી એ ગાયોને પણ એવો આનંદ થયો છે કે એ ગાયો બમણું દૂધ આપવા માંડી છે.

આવી અનેક ગાયોને શણગારવામાં આવી છે. તેમની ખરીઓ રૂપાથી, પીઠ તાંબાથી અને શિંગડીઓ સોનાથી મઢી છે. નંદરાયજી આવી ગાયો બ્રાહ્મણોને દાનમાં આપે છે. બ્રાહ્મણો હર્ષ પામીને બાલકને આશિષ આપે છે.

ત્યારબાદ નંદરાયજી સગાંસંબંધીને પ્રેમથી, આદર આપીને બોલાવે છે. ચંદનમાં કસ્તુરી, બરાસ મેળવીને એમને તિલક કરે છે. સૌને રત્નોના હાર

પહેરાવે છે. છૂટે હાથે વિવિધ પ્રકારના વસ્ત્રો વહેંચે છે. જાણે એની હેલી વરસી છે. અષાઢ માસમાં વરસાદ આવવાથી દાદુર અને મયૂરો રાજી થાય એમ આનાથી સૌ પ્રફુલ્લિત થયાં.

યાચકો, બંદીજનો, ભાટચારણોથી આખું આંગણું અને ઘર ભરાઈ ગયું છે. સૌને બોલાવી બોલાવીને દાન આપે છે. કોઈને વિસારતા નથી.

નંદરાયજી આજે એવા અઢળક ઢળી રહ્યા છે કે જેણે જે માગ્યું તે આપ્યું છે. સૌને સૌની યોગ્યતા અનુસાર આપ્યું છે. કોઈને દાન આપ્યું છે. કોઈને શિરપાવ આપે છે. કોઈને વસ્ત્રો પહેરાવે છે. દરેકની કામના પૂર્ણ કરે છે.

આ બાજુ રોહિણીજીએ પણ સુંદર અંબર મગાવ્યા છે. રંગબેરંગી સાડીઓ મગાવી છે. જેને જે શોભે તેને તે આપી છે.

ગોપીઓ આનંદમાં મગ્ન છે. પોતાના ઘરવાળા સહિત, સજોડે નવજાત બાલકને આશિષ આપી રહી છે. જેને મનમાં જે ઠીક લાગે છે તે કહે છે.

હવે સૂરદાસજી નંદભવનનું વર્ણન પૂર્ણ કરી વ્રજના ગોપીજનોના ઘરનું વર્ણન કરતાં કહે છે : માત્ર નંદભવનમાં જ નહિ, વ્રજમાં ઘેર ઘેર મંગલ મહોત્સવ થઈ રહ્યો છે. ભેરી, મૃદંગ, પટહ, નિશાન જેવા વાજિંત્રો સર્વત્ર વાગી રહ્યાં છે. બારણે બારણે તોરણ બંધાયાં છે. ધજાઓ ફરકે છે. કલશ ચઢ્યા છે. પ્રભુ પ્રકટ્યા એને લીધે વ્રજવાસીઓ સુખસંપત્તિ યુક્ત બની ગયાં છે. સદૈવ સુખમાં રહેવા લાગ્યા છે.

શ્રીમહાપ્રભુજી નંદમહોત્સવના અદ્‌ભુત વર્ણનવાળું આ પદ સાંભળતા અતિ પ્રસન્ન થયા. નંદરાયજીના ઘરનું વર્ણન કર્યું ત્યાં સુધી આપે સાંભળ્યું પરંતુ ગોપીજનોનાં ઘરનું વર્ણન કરવા લાગ્યા ત્યારે આપશ્રીએ સૂરદાસજીને અટકાવ્યા. આજ્ઞા કરી :

સૂન સૂર સબન કી યહ ગતિ, જો હરિ ચરન ભજે.

હે સૂર, તું સાંભળ, જે શ્રીહરિનાં ચરણોની સેવા અને શ્રીહરિનું સ્મરણ કરે છે તેને આજે પણ વ્રજવાસીઓને જેવું સુખ મળ્યું તેવું સુખ મળે છે.

આપશ્રીએ પ્રસન્નતાથી આજ્ઞા કરી : 'સૂર, તેં એવું અદ્‌ભુત વર્ણન કર્યું જાણે તું નંદાલયની લીલામાં પ્રભુની સમીપ જ ઊભેલો હોય!'

પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ગૌઘાટ ઉપર ત્રણ દિવસ બિરાજ્યા.

એક દિવસ સૂરદાસજીએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ, હું તો આપનો દાસ બન્યો; પણ મેં અજ્ઞાનવશ કેટલાક સેવકો કર્યા છે. આપ તેમના ઉપર કૃપા કરી. તેમને આપના સેવક કરી તેમનો ઉદ્ધાર કરો.' શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીના સેવકોને પણ નામમંત્ર આપ્યો.

આપશ્રીએ આજ્ઞા કરી : 'સૂરદાસ, આજથી તમે 'સૂરસ્વામી' મટી સૂરદાસ બન્યા છો. હવે તમારે સંસારની કોઈ ફિકર કરવાની નથી. તમે અમારી સાથે વ્રજમાં ચાલો. ત્યાં શ્રીગોવર્ધનનાથજી બિરાજે છે. તમારાં કીર્તનોથી તેમને રીઝવો. કીર્તનની સેવા કરો.'

સૂરદાસજી શ્રીમહાપ્રભુજી સાથે વ્રજમાં આવ્યા. પ્રથમ ગોકુલ આવ્યા. શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરતાં એક પદ ગાયું.

શોભિત કર નવનીતલિયેં. આ પદ સાંભળીને શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. સૂરદાસજીએ બીજાં પણ બાલલીલાનાં પદો ગાયાં. એ દિવસોમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને મંદિરમાં પાટ બેસાડ્યા હતા. સેવાનો પ્રકાર શરૂ કર્યો હતો. આપશ્રીએ સૂરદાસજીને આજ્ઞા કરી :

'સૂર, અહીં રહીને હવે કીર્તનસેવા કરો.' આમ આપે સૂરદાસજીને કીર્તનની સેવા સોંપી.

સૂરદાસજી સવારે મંગળાથી સાંજે શયન સુધી અનેક પદો શ્રીજીની સન્મુખ ગાવા લાગ્યા. ઉત્સવનાં પદો પણ ગાય છે. કોઈવાર ગોકુલ જઈ શ્રીનવનીતપ્રિયાજી સન્મુખ બાલલીલાનાં પદો પણ ગાય છે. શ્રીજીબાવા એમનાં કીર્તનથી ખૂબ પ્રસન્ન રહે છે.

* * * * *

૬. અકબર બાદશાહના દરબારમાં સૂરદાસજી

સૂરદાસજી શ્રીજીબાવાની સન્મુખ અનેક પદો રચીને ગાય છે. વિવિધ લીલાઓનાં દર્શન કરીને વિવિધ રાગોમાં પદ ગાય છે. કોઈવાર જ્ઞાન-વૈરાગ્યનાં અને દીનતા-વિરહનાં પદો પણ ગાય છે. તેમનો કંઠ મધુર અને સૂરીલો હતો. શ્રીજીબાવા તેમના કીર્તનગાનથી ખૂબ પ્રસન્ન થતા.

વૈષ્ણવો સૂરદાસજીએ ગાયેલાં પદો એક ચોપડામાં ઉતારે છે. કેટલાક ગવૈયાઓ એ પદો શીખીને બીજા સ્થળોએ પણ ગાવા લાગ્યા. એક દિવસ અકબર બાદશાહના માનીતા કવિ તાનસેને સૂરદાસજીનું એક પદ બાદશાહ પાસે ગાયું. તેમાં સૂરદાસજીએ ભક્તનાં લક્ષણ બતાવ્યાં હતાં; અને કેવા ભક્તને ભગવાન પ્રાપ્ત થાય તે બતાવ્યું હતું.

સૂરદાસજી કહે છે કે સાચો ભક્ત એ કે જેને માન-અપમાન કે સંસારના સુખ-દુઃખ બાધા ન કરે. કોઈ વંદન કરે કે પ્રશંસા કરે અથવા કોઈ નિંદા કરે, મારીને ધન લઈને ભાગી જાય એ બંને તેમને મન સરખું જ હોય. કોઈ તેને મૂરખ કે મહાઅધર્મી કહે અથવા કોઈ વિલક્ષણ કહે તો પણ બંનેને સરખા જ ગણે. જે કૃષ્ણભગવાનના ચરણોમાં હંમેશા પ્રીતિ રાખે અને ભગવાનને એક ક્ષણ માટે પણ ભૂલે નહિ તેને ભગવાન તરત જ મળે.

આ પદ અકબર બાદશાહને ઘણું ગમી ગયું. એ તાનસેનને કહે છે : 'તાનસેન, આવાં લક્ષણવાળા ભક્તનો મિલાપ થાય તો કેવું સારું!'

'જહાંપનાહ, આ પદ રચનાર ભક્ત સૂરદાસ અહીં નજીકમાં જ રહે છે. તેમની પાસેથી આવા ભક્ત વિશે વિશેષ માહિતી મળે.'

બાદશાહે તરત જ માણસો મોકલી સૂરદાસજીને પોતાના દરબારમાં બોલાવ્યા. બાદશાહના માણસો બોલાવવા આવ્યા એટલે સૂરદાસજીને કમને પણ આવવું પડ્યું.

બાદશાહે તેમને દરબારમાં આવકાર્યા. 'ભક્તરાજ, આવો. અમે સાંભળ્યું છે કે તમે બહુ સુંદર પદોની રચના કરી છે. અમને તેમાંથી એકાદ પદ સંભળાવો.'

સૂરદાસજીએ એક પદ ગાયું. બહુ મોટું પચીસ કડીનું એ પદ સૂર પચીચીના નામે પ્રસિદ્ધ થયું છે. એમાં તેમણે ભક્તોના ભગવાન પ્રત્યેના પ્રેમની, ભક્તિની જરૂરિયાતની વગેરે અનેક બોધદાયક વાતો કહી. તેમાં એક એકથી ચઢિયાતા સુંદર ઉદાહરણો અને ભાવો રજૂ કર્યા. પદ સાંભળીને બાદશાહ ખૂબ રાજી થયો.

બાદશાહને થયું : આ કવિ આવી બધી ઉપદેશની અને ભક્તિની વાતો કરે છે, પરંતુ એના જીવનમાં એ વાતો કેટલી ઉતરી છે, એની જરા કસોટી કરું.

એ સૂરદાસજીને કહે છે : 'બાબા, તમે ભગવાનનું બહુ સુંદર પદ ગાયું. હવે મારા યશ ગાઓ તો તમે જે માગો એ આપું. હું દિલ્હીનો બાદશાહ છું. અહીં અનેક ગુણીજનો આવીને મારાં યશોગાન ગાય છે. હું એ બધાંની ઈચ્છાઓ પૂરી કરું છું. તમે પણ મારા યશ ગાઓ અને જે જોઈએ તે માગી લો.'

સૂરદાસજીએ બાદશાહની વાતનો એક પદ ગાઈને જવાબ આપ્યો.

નાહિન રહ્યો મનમેં ઠૌર,
નંદનંદન બસત કૈસે આનિયે ઉર ઔર.

હે બાદશાહ, હવે મારા મનમાં કોઈ ઈચ્છા માટે જગ્યા જ રહી નથી. નંદનદન શ્રીકૃષ્ણ મનમાં વસી ગયા છે. એ સુંદર લાવણ્યમય સ્વરૂપ મારા હૃદયમાંથી ખસતું જ નથી. દિવસ રાત, હાલતાં ચાલતાં, રાત્રે સ્વપ્નામાં પણ એ જ મારા મનમાં આવે છે.

તમારી જેમ અનેક લોકો અનેક પ્રકારના લોભ દેખાડે છે. પણ એમની વાતો મારા મનમાં ઉતરતી જ નથી. પ્રભુની મંદ હાસ્ય અને મલપતી ચાલવાળી મૂરતનાં પ્રગટ દર્શન કરવા જ હું સતત ઝંખી રહ્યો છું. મારાં નેત્રો એ દર્શન વિના તરસે મરી રહ્યાં છે.

સૂરદાસજીએ આ સુંદર પદ ગાઈને બાદશાહની વાતનો સચોટ જવાબ આપી દીધો. બાદશાહ સમજુ હતો. એ સમજી ગયો કે જેને ભગવાનની લગની લાગી છે એવા ભક્તને બીજી કોઈ વસ્તુની ઈચ્છા જ ન હોય! એવા ભક્ત મારા જેવાના યશ શા માટે ગાય? ખરેખર આ સાચો ભગવદ્ભક્ત છે. પરંતુ એક વાત બાદશાહને ન સમજાઈ. તે પૂછે છે:

'બાબા, તમારે આંખો તો છે નહિ પછી તમે કેમ કહો છો કે મારાં નેત્રો એ દર્શન વિના તરસે મરે છે?'

'બાદશાહ સાહેબ, બહારની આંખો તો સૌને હોય છે. એ દુનિયાની અનેક ચીજવસ્તુઓ જુએ છે પણ ભગવાનનાં દર્શન માટે એ આતુર નથી હોતી. તે માટે તો હૃદયની આંખો ખૂલવી જોઈએ.'

આ જવાબથી બાદશાહ ઘણો રાજી થયો. તેણે સૂરદાસજીને ઘણું દ્રવ્ય આપવા માંડ્યું; પણ સૂરદાસજીએ કંઈ ન લીધું. બાદશાહ કહે છે : 'ભક્તરાજ, કંઈક તો માગો.'

'તમે રાજી થયા હો તો એટલું કહી દો કે તમે મને ફરીથી કદી અહીં બોલાવશો નહિ.'

ભક્ત કવિની આવી નિઃસ્પૃહતા જોઈ બાદશાહને ઘણો સંતોષ થયો. તેણે ખૂબ માનપૂર્વક સૂરદાસજીને વિદાય આપી.

સૂરદાસજી પોતાના મુકામે પાછા ગયા. હવે બાદશાહને સૂરદાસજીના પદો એકઠાં કરવાની રઢ લાગી. તેણે દરબારમાં જાહેરાત કરી કે : 'જે કોઈ સૂરદાસનાં નવાં નવાં પદો મને સંભળાવશે તેને હું મોટી બક્ષિસ આપીશ.'

ગવૈયાઓ સૂરદાસનાં પદો મેળવીને દરબારમાં ગાવા લાગ્યા અને બક્ષિસ મેળવવા લાગ્યા.

આગ્રામાં એક પંડિત કવીશ્વર હતો. તેના મનમાં આવ્યું કે : 'એ અંધ કવિમાં વળી એવું શું ભર્યું છે કે બાદશાહ એના પદો પાછળ આવો ઘેલો થયો છે. મારી પદરચનાઓ એનાથી જરાયે કમ નથી. હું એને એ સંભળાવું; પણ સૂરદાસની છાપ વગર બાદશાહ એ સાંભળીને મને બક્ષિસ નહિ આપે; માટે મારી રચનાઓમાં 'સૂર'ની છાપ લગાવી પદો ગાઉં.'

આવો વિચાર કરી કેટલાંક પદો લઈ એ પંડિત કવિ બાદશાહ પાસે આવ્યો. પોતાનાં કાવ્યો સૂરદાસની છાપ મૂકી ગાઈ બતાવ્યાં. સાંભળતાં જ બાદશાહને થયું: 'આ કાવ્યો સૂરદાસનાં ન હોય!'

એ પૂછે છે : 'પંડિતજી, આ પદો તમે ગાયાં એ ખરેખર સૂરદાસનાં છે?'

'હા, જહાંપનાહ!'

'મને આ વાત મનાતી નથી. મારે તમારી કસોટી કરવી પડશે. ઈશ્વર જ આનો ન્યાય કરશે.'

બાદશાહે પોતાની પાસેના સૂરદાસજીનાં પદોના કાગળો મગાવ્યા. પેલા પંડિત પાસેથી પણ પદોના કાગળો લીધો. પછી જળના એક હોજ પાસે જઈ બંને કાગળો જળમાં મૂકી દીધા. સૂરદાસજીના પદોના કાગળો જળ ઉપર તરી રહ્યા અને પેલા પંડિતના કાગળો ડૂબી ગયા. કેવી નવાઈની વાત! કેવો ચમત્કાર! આ બનાવ શું સૂચવતો હતો?

બાદશાહે કહ્યું : 'જુઓ પંડિતજી, જેઓ આ ભક્તકવિની રચનાઓ ગાશે તે સંસાર તરી જશે અને જેઓ તમારા જેવા કોરા પંડિતની રચનાઓ ગાશે તે ડૂબી જશે.' કેવો સરસ બોધ!

પ્રભુના કૃપાપાત્ર ભગવદીયોના હૃદયમાંથી નીકળેલી અનુભવવાણી અને કલ્પનાથી કરેલાં જોડકણામાં કેટલો તફાવત હોય છે તે સૌને સમજાઈ ગયું. એક ઘી ચોપડેલી રોટલી જેવું અને બીજું લૂખાં ભોજન જેવું!

ફૂવારાનું જળ જેટલી ઊંચાઈથી આવે તેટલું જ ઊંચે ચઢે છે. તે રીતે ભગવદ્ ગુણગાન ગાનારના હૃદયના જે ઊંડાણમાંથી નીકળે તેટલું ઊંડું આપણા હૃદયમાં પ્રવેશે છે; અને તે જ આપણને કૃતાર્થ કરે છે! માટે તો આપણા મંદિરોમાં અને ગૃહસેવામાં શ્રીપ્રભુની સમક્ષ અષ્ટસખા આદિ મહાનુભાવોની વાણી જ ગવાય છે. બધાંની વાણી નહિ. એમાં પણ આજ રહસ્ય છે.

* * * * *

૭. દેખે રી હરિ નંગમનંગા

એકવાર સૂરદાસજી ગોકુલ આવ્યા છે. ત્યાં શ્રીનવનીતપ્રિયજી બિરાજે છે. શ્રીગુસાંઈજી અને આપશ્રીના બાળકો શ્રીનવનીતપ્રિયજીની સેવા કરે છે. સૂરદાસજી સમય સમયનાં દર્શનમાં બાલલીલાનાં અદ્‌ભુત પદો ગાય છે. જે દિવસે જેવાં વસ્ત્ર અને આભૂષણ ધર્યાં હોય તેવું જ વર્ણન એ પદોમાં કરે છે.

સૌને નવાઈ લાગે છે. સૂરદાસજીને નેત્રો તો છે નહિ; છતાં આવું આબેહૂબ વર્ણન તેઓ કેવી રીતે કરી શકે છે. તેનું સૌને આશ્ચર્ય થાય છે.

બેચાર દિવસ પછી શ્રીગુસાંઈજી શ્રીનાથદ્વાર પધાર્યા. સૂરદાસજી પણ શ્રીનાથદ્વાર જવાનું વિચારે છે; પરંતુ શ્રીગિરિધરજી આદિ બાળકોએ તેમને આગ્રહ કરીને રોકતાં કહ્યું : 'સૂરદાસજી, બે દિવસ વધારે રહો અને શ્રીનવનીતપ્રિયજીને તમારાં કીર્તન સંભળાવો.' સૂરદાસજી ગોકુળમાં રોકાઈ ગયા.

એ દિવસે રાત્રે શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી વાતો કરતા બિરાજ્યા હતા. ત્યાં વાત નીકળી એટલે સૌએ કહ્યું : 'આ સૂરદાસજી એવું જ કીર્તન રોજ ગાય છે કે જેવો શૃંગાર આપણે કરીએ છીએ. આવતી કાલે આપણે પ્રભુને અદ્‌ભુત શૃંગાર કરીએ. સૂરદાસજીને કંઈ જણાવીએ નહિ. પછી જોઈએ એ કેવાં કીર્તન કરે છે!'

સૂરદાસજીની પરીક્ષા લેવાની આ વાત શ્રીગિરિધરજીએ જાણી. આપશ્રીએ આજ્ઞા કરી : 'ભગવદીયની પરીક્ષા ન લેવાય.' પરંતુ પછી સંમતિ આપતાં કહ્યું : 'ભલે, તમે પરીક્ષા લો. એ બહાને અનેક વૈષ્ણવોને સૂરદાસજીનું અલૌકિક સામર્થ્ય જાણવા મળશે.'

સવાર થયું. ચારે બાળકો સેવામાં પધાર્યા. શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર ધરવાનો સમય થયો. અષાઢ માસ હતો. એ દિવસે સખત ગરમી હતી. સૌએ વિચાર કર્યો કે આજે પ્રભુને કોઈ વસ્ત્ર કે શૃંગાર ધરવા જ નથી. પછી જોઈએ કે સૂરદાસજી કીર્તનમાં શું વર્ણન કરે છે!

પ્રભુને માત્ર બારીક મોતીની કંઠસરી, નક્વેસર, મોતીનાં કર્ણફૂલ અને મોતીનો કંદોરો ધરી દીધાં. દર્શન ખૂલ્યાં.

'સૂરદાસજી, કીર્તન કરો.' શ્રીગોકુલેશપ્રભુએ આજ્ઞા કરી. સૂરદાસજી મનમાં વિચારે છે : 'આજે શ્રીનવનીતપ્રિયજીનો અદ્‌ભુત શૃંગાર થયો છે. આવો શૃંગાર મેં કદી જોયો નથી. કેવળ મોતી ધર્યાં છે. વસ્ત્ર તો કાંઈ ધર્યું નથી. માટે મારે આજે કીર્તન પણ આવું અદ્‌ભુત ગાવું જોઈએ.' આવું વિચારીને તેમણે તરત જ બિલાવલ રાગમાં કીર્તન ગાયું.

દેખે રી હરિ નંગમનંગા,
જલસુત ભૂષણ અંગ બિરાજત,
વસનહીન છબી ઉઠત તરંગા. (૧)
અંગ અંગ પ્રતિ અમિત માધુરી,
નિરખી લજ્જિત રતિ કોટિ અનંગા.
કિલક્ત દધિ સુત મુખ લેપન કરી,
સૂર હસત વ્રજયુવતીન સંગા. (૨)

સૂરદાસજીએ આ કીર્તનમાં શું ગાયું? તેઓ કહે છે કે આજે શ્રીઠાકોરજીએ કોઈ વસ્ત્ર ધર્યું જ નથી. માત્ર મોતીના શૃંગાર ધર્યાં છે. આખું શ્રીઅંગ ખુલ્લું હોવાથી શ્રીઅંગની શોભાના તરંગો ઉછળી રહ્યા છે. અંગેઅંગની અપાર મધુરતાનાં દર્શન થઈ રહ્યાં છે. કરોડો કામદેવ અને રતિ આ સૌંદર્ય ઉપર મુગ્ધ થઈ લજ્જિત થઈ જાય એવું પ્રભુનું સૌંદર્ય છે. પ્રભુના મુખ ઉપર માખણ લાગેલું છે. તેઓ ખિલખિલાટ હાસ્ય કરી રહ્યા છે. સાથે સાથે વ્રજની યુવતીઓ પણ પ્રભુનું આવું સ્વરૂપ જોઈ હસી રહી છે. અને સૂરદાસજી પણ એમાં સાથ આપે છે.

શ્રીગોકુલનાથજી પૂછે છે : 'સૂરદાસજી, આવું પદ ગવાય? પ્રભુને ધરેલા વસ્ત્ર-શૃંગારનું તો વર્ણન કરો.'

સૂરદાસજી કહે છે : 'મહારાજ, પ્રભુને કંઈ વસ્ત્ર, શૃંગાર ધર્યા હોય તો હું એનું વર્ણન કરું ને? આજે આપે જેવો અદ્‌ભુત શૃંગાર કર્યો છે તેવું અદ્‌ભુત પદ મેં ગાયું છે.'

આ સાંભળીને બધા બાળકો ખૂબ પ્રસન્ન થયા. સૌને થયું કે સૂરદાસજી ઉપર શ્રીમહાપ્રભુજીની ખૂબ કૃપા છે. એમને આંખો નથી છતાં હૃદયમાં પ્રભુનો સાક્ષાત્ અનુભવ થાય છે અને અનુભવથી એ કીર્તન બનાવીને ગાય છે.

પછી બધા બાળકો સાથે સૂરદાસજી શ્રીજીદ્વાર આવ્યા. બાળકોએ શ્રીગુસાંઈજીને બધી વાત કરી. ત્યારે આપશ્રીએ ખૂબ પ્રસન્ન થઈને સૂરદાસજીના આ અલૌકિક સામર્થ્યની ખૂબ પ્રશંસા કરતાં આજ્ઞા કરી : 'સૂરદાસજીને

અષ્ટપ્રહર ભગવદ્ લીલાનો અનુભવ થાય છે. તેઓ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય છે.'

* * * * *

૮. ભક્તવત્સલ ભગવાન

ચંદ્ર સરોવર ઉપર નાની સરખી કુટિરમાં સૂરદાસજી રહે છે. પરોઢિયે વહેલા ઊઠી સ્નાન વગેરે કરી મનથી શ્રીપ્રભુની સેવા કરવામાં મગ્ન થઈ જાય છે.

મંગળાનાં દર્શનના સમયે શ્રીગિરિરાજજી ઉપર શ્રીજીબાવાના મંદિરમાં પહોંચી જાય છે. રાજભોગ સુધી પ્રભુ સન્મુખ કીર્તન કરે છે. રાજભોગ પછી પાછા પોતાની કુટિરમાં આવી જાય છે.

એક દિવસની વાત છે. સૂરદાસજી રાજભોગનાં દર્શન કરીને પોતાના નિવાસે આવ્યા છે. મંદિરમાંથી ભિતરિયો પ્રસાદની પાતળ મૂકી ગયો છે. સૂરદાસજી પ્રસાદ લેવા બેઠા છે. એમને સહાય કરવા એક વ્રજવાસી એમની સાથે રહે છે. એનું નામ ગોપાલ છે. સૂરદાસજીએ ગોપાલને કહ્યું : 'ભાઈ ગોપાલ, જલની લોટી ભરીને મને આપી જજે.'

ગોપાલ બહાર જતો હતો. એને પોતનું કરવા ગોબર જોઈતું હતું. સામે ગૌશાળામાંથી બે મિનિટમાં ગોબર લઈને આવી જઈશ એમ માનીને તેણે કહ્યું: 'બાબા, તમે પ્રસાદ લેવા બેસો, હું હમણાં જ જલની લોટી આપું છું.'

ગોપાલ ગોબર લેવા ગયો. ત્યાં કોઈ વ્રજવાસી મિત્ર મળી ગયો. ગોપાલ તો એની સાથે વાતોના તડાકા મારવા ઊભો રહી ગયો. જલની લોટી સૂરદાસજીને આપવાની છે એ વાત એ ભૂલી ગયો!

અહીં સૂરદાસજીને ભોજન કરતાં કરતાં જલની તરસ લાગી. આસપાસ હાથ ફેરવ્યો પણ લોટી ન મળી. એમણે બૂમ પાડી : 'ગોપાલ, ઓ ગોપાલ! જલ આપ ભાઈ, મને તરસ લાગી છે.' પણ ગોપાલ તો ત્યાં હોય તો સાંભળેને! એ તો મિત્ર સાથે વાતોમાં તલ્લીન હતો. પાંચ મિનિટ, દસ મિનિટ, સૂરદાસજી ગોપાલ, ગોપાલ કરતા રહ્યા.

ભોજન કરતાં કોળિયો ગળે અટક્યો છે. બોલાતું પણ નથી. શ્વાસ રૂંધાય છે. સૂરદાસજી આકુળ વ્યાકુળ થઈ ગયા.

એટલામાં બાજુમાં જલની લોટી મૂકવાનો અવાજ આવ્યો. સૂરદાસજીએ માન્યું કે ગોપાલ જલની લોટી મૂકી ગયો. હાથ ફેરવી જોયું તો બાજુમાં જલની ઝારી હતી. જલપાન કર્યું. વ્યાકુળતા દૂર થઈ. પ્રસાદ લઈને ઊભા થયા.

થોડીવારમાં ગોપાલને યાદ આવ્યું : સૂરદાસજીને જળ આપવાનું છે. એ દોડતો આવ્યો. કહેવા લાગ્યોઃ 'બાબા, મારી ભૂલ થઈ ગઈ. તમને જળ આપવાનું રહી ગયું. જળ વગર ભોજન કરવામાં તમને બહુ તકલીફ આજે પડી હશે, નહિ?

'અરે ગોપાલ, એમ કેમ કહે છે? આજ તું લોટીને બદલે ઝારી મૂકી ગયો હતો ને! મેં એમાંથી જલપાન કર્યું છે. જો હજી એ ત્યાં જ પડી છે!'

ગોપાલ જુએ છે તો ત્યાં સુવર્ણની સુંદર ઝારી છે. એનાથી બોલાઈ ગયુંઃ 'બાબા, આ તો શ્રીજીબાવાનાં ઝારી છે! મંદિરની સોનાની ઝારી અહીં કોણ મૂકી ગયું હશે? હું તો ગૌશાળામાં હતો. કોઈ ચમત્કાર થઈ ગયો લાગે છે!

સૂરદાસજી આ સાંભળીને ચમક્યા. નક્કી શ્રીજીએ જ મારા માટે અહીં પધારવાનો અને મને જળ પાવાનો શ્રમ લીધો. કહે છે : 'અલ્યા ગોપાળ, તારી ફોઈએ તારું આવું નામ કેમ પાડ્યું? ભોજન કરતાં મને તરસ લાગી. હું ગોપાલ, ગોપાલ કહીને તને બોલાવતો રહ્યો. તેં તો મારી બૂમ ન સાંભળી પણ મંદિરવાળા ગોપાલે એ સાંભળ્યું. મારું દુઃખ દૂર કરવા એ પોતાની ઝારી લઈને દોડી આવ્યા. એ સુકુમાર પ્રભુને કેટલો શ્રમ પડ્યો?'

'ગોપાળ, તેં આવું કેમ કર્યું? જલ આપ્યા વગર તું ગયો. મને કોળિયો ગળે અટક્યો. હું આકુળવ્યાકુળ થઈ ગયો. જાણે હમણાં જીવ નીકળી જશે એવું લાગ્યું. શ્રીજીબાવા મારું દુઃખ સહી ન શક્યા. આવી બપોરની ગરમીમાં એમને પોતાની ઝારી લઈને પધારવું પડ્યું. એમને શ્રમ પડ્યો. આપણને અપરાધ પડ્યો. આજ પછી ગોપાલ, તું આવી ભૂલ કદી ન કરીશ હોં!' સૂરદાસજી ગદ્ગદ્ કંઠે

ગોપાલને કહી રહ્યા હતા. ગોપાલ ફરી ફરીને પોતાની ભૂલ માટે ક્ષમા માગી રહ્યો હતો.

ભગવાન કેવા ભક્તવત્સલ છે! ભક્તને દુઃખ થાય ત્યારે એ પોતે પણ દુઃખી થાય છે. ભક્તને માટે દોડી આવે છે!

* * * * *

૯. બુટ્ટો બેલ નાચ્યો

શ્રીગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનધરપ્રભુનું મંદિર. મંદિરમાં પ્રભુની અદ્‌ભુત ઝાંખી થાય. દેશ પરદેશથી ભાવિક વૈષ્ણવો શ્રીજીબાવાનાં દર્શન કરવા આવે. ત્યાં તળેટીમાં ગોપાલપુર ગામમાં શ્રીગિરિરાજજીથી નીચે ઉતરતાં એક વાણિયાની દુકાન. વાણિયાનું નામ જ્ઞાનચંદ. એ ધનનો લોભી.

તે કદી પર્વત ઉપર શ્રીજીબાવાનાં દર્શન કરવા જાય નહિ. જે વૈષ્ણવ દર્શન કરીને તેની દુકાને સીધુંસામાન ખરીદવા આવે તેને પૂછી લે કે શ્રીજીએ આજે કેવા વસ્ત્ર શૃંગાર ધર્યાં છે. પછી દિવસભર જે વૈષ્ણવો ખરીદી કરવા આવે તેની આગળ ગળગળો થઈને શ્રીજીના સ્વરૂપ અને શૃંગારનું વર્ણન કરે. વૈષ્ણવોને બતાવવા માટે તે તુલસીમાળા પહેરે. તિલક કરે. વૈષ્ણવો સાથે પ્રેમથી શ્રીઠાકોરજીની વાતો કરે. વૈષ્ણવો તેને પરમવૈષ્ણવ જાણી તેની દુકાનેથી જ સીધું સામગ્રી ખરીદે. બધાંને તે સારી પેઠે છેતરે.

આ પ્રકારે પાખંડ કરીને તેણે ખૂબ ધન ભેગું કર્યું. પાછો એ કંજૂસ પણ ઘણો. ચમડી તૂટે પણ દમડી ન છૂટે. એમ કરતાં કરતાં તે ૬૦ વર્ષનો થયો.

એક દિવસ એવું બન્યું કે સૂરદાસજી તેની દુકાન પાસેથી પસાર થતા હતા. જ્ઞાનચંદે તેમને બોલાવ્યા.

'અરે સૂરદાસજી, આજે તો શ્રીજીનાં કેવા સુંદર શૃંગાર થયા છે! આવો આવો, તમે તો કોઈ દિવસ મારી દુકાનેથી સીધું સામાન ખરીદતા નથી. મારો શો અપરાધ છે કે મારે ત્યાં તમે આવતા નથી? હું તો તમારો વૈષ્ણવોનો દાસ છું. મારા ઉપર કૃપા કરો.'

સૂરદાસજીએ એનાં વચનો ઓળખ્યાં. ઉપર ઉપરથી તો સુંદર હતાં પણ એમાં કપટ હતું તે સૂરદાસજી જાણી ગયા. તેમણે વિચાર્યું : આ વાણિયાનું પાખંડ છોડાવવું પડશે. એણે કદી શ્રીજીબાવાનાં દર્શન કર્યાં નથી. એને દર્શન કરાવવાં પડશે અને વૈષ્ણવ પણ કરવો પડશે.

'જ્ઞાનચંદ, હું તને જાણું છું. તું વૈષ્ણવ પણ નથી અને તેં કદી શ્રીજીબાવાનાં દર્શન પણ કર્યાં નથી. હું તેથી જ તારી દુકાને કદી આવતો નથી.'

આ સાંભળતા જ્ઞાનચંદ ચેતી ગયો. તેને થયું કે સૂરદાસજી મોટા ભગવદીય છે. ભગવાનના મનની વાત જાણનારા છે તો મારા મનની વાત તો જાણી જ જાયને!

સૂરદાસજી કહે છે : 'તું બધાંને છેતરે છે પણ મને નહિ છેતરી શકે. તું દર્શન કરીને શ્રીજીનું વર્ણન કરતો નથી. સાંભળેલું બોલે છે. ધન કમાવા માટે તું આ પાખંડ કરે છે.'

જ્ઞાનચંદ નમી પડ્યો. કહે છે : 'સૂરદાસજી, તમારી વાત સાચી છે. જો હું દર્શન કરવા જાઉં તો વૈષ્ણવો મારી દુકાનેથી પાછા જતા રહે તેથી હું દર્શન કરવા જતો નથી. મહેરબાની કરીને તમે આ વાત કોઈને કહેશો નહિ. મારા પેટ ઉપર પાટુ પડશે.'

સૂરદાસજી કહે છે : 'શઠ, વૈષ્ણવોને ધૂતીને રૂા. સાઈઠ હજાર ભેગા કર્યા છે. પેટ ઉપર પાટું ક્યાંથી પડવાનું છે? તું ભૂખે ઓછો મરવાનો છે?'

જ્ઞાનચંદ ચમક્યો. સૂરદાસજી તો મારી બધી વાત જાણી ગયા છે. તેણે સૂરદાસજીના પગ પકડી લીધા. 'બાપજી, તમે કહેશો તેમ કરીશ, પણ કોઈને આ વાત કરશો નહિ.'

'હું કહું એમ કરીશ?'

'હા મહારાજ.'

સૂરદાસજી કહે : 'તો સાંજે મારી સાથે ઉત્થાપનનાં દર્શન કરવા આવજે. હું સાંજે તને બોલાવવા આવીશ.'

‘ભલે બાપજી, મારા મનમાં પણ દર્શનની બહુ ઈચ્છા છે.’

સૂરદાસજી ઉત્થાપનના સમયે તેને બોલાવવા ગયા. જ્ઞાનચંદ કહે છે : ‘મહારાજ, આ સમયે તો ગામના લોકો ખરીદી કરવા આવે છે. ભોગનાં દર્શનના સમયે તમે મને ખબર કરજો. હું આવીશ.’

સૂરદાસજી પર્વત ઉપર ગયા. દર્શન-કીર્તન કર્યાં. પછી ભોગનાં દર્શનનો સમય થયે નીચે ઉતરી વાણિયાની દુકાને ગયા.

‘ભોગનાં દર્શનનો સમય થયો છે. ચાલ દર્શન કરવા.’

‘સૂરદાસજી, હવે તો વનમાંથી ગાયોને આવવાનો સમય થયો છે. અત્યારે હું મંદિરમાં આવું તો ગાયો આવીને મારું બધું અનાજ ખાઈ જાય. તમે એમ કરો, શયન આરતીના સમયે આવજો. હું તમારી સાથે આવીશ.’

સૂરદાસજીએ ભોગસમયનાં અને સંધ્યા સમયનાં દર્શન-કીર્તન કર્યાં. શયન આરતીના સમયે વાણિયાને બોલાવવા પર્વત ઉપરથી ઉતરી તેની દુકાને ગયા.

‘ઓહો સૂરદાસજી, તમે આવી ગયા? મેં તમને આજે બહુ શ્રમ કરાવ્યો. પરંતુ હવે તો દીવાબત્તીનો સમય થયો છે. આ સમયે દુકાનમાં લક્ષ્મી આવે છે. દીવા ન હોય અને અંધારું હોય તો લક્ષ્મી પાછી ફરી જાય. અંધારામાં કોઈ મારી દુકાનેથી અનાજ પણ ચોરી જાય. એમ કરોને, સવારે વહેલા તમે મને ખબર કરજોને! હું વહેલાં દર્શન કરીને પછી દુકાન ખોલીશ.’

સૂરદાસજી પર્વત ઉપર ગયા. શયન આરતી સમયે કીર્તન કર્યાં. વહેલી સવારે સ્નાન કરી, તૈયાર થઈ વાણિયાની દુકાને આવી ગયા. ‘જ્ઞાનચંદ, મંગળાદર્શનનો સમય થયો છે. હવે તો ચાલ દર્શન કરવા!’

‘સૂરદાસજી, હજી તો મારે દુકાનમાં બધું સરખું કરી દુકાન માંડવી છે. કોઈ ગ્રાહક આવે તો પાછો ન જાય. બોણીના સમયે કોઈ પાછું જાય તો મારે તો આખો દિવસ ખાલી જાય. માટે હું દુકાન માંડીને શૃંગારના દર્શનમાં જરૂર આવીશ. તમે એ વખતે મને ખબર કરજો.’

સૂરદાસજી મંગળા આરતીનાં દર્શન કરી, કીર્તન કરી ફરી પાછા શૃંગારના સમયે વાણિયા પાસે આવ્યા.’

વાણિયો કહે છે : ‘અરે, હજી તો મારે બોણી પણ થઈ નથી; અને જુઓને ગાયો પણ કેટલી ફરે છે? એમ કરોને, તમે જાઓ. હું રાજભોગ વખતે જરૂર આવીશ. હું તમને ગઈ કાલથી ધક્કા ખવડાવું છું. તમે મોટા ભગવદીય છો કે મારે માટે આટલું બધું કરો છો.’

સૂરદાસજી પાછા પર્વત ઉપર ગયા. શૃંગારના દર્શન-કીર્તન કર્યાં. રાજભોગના સમયે પાછા નીચે આવ્યા.

‘જ્ઞાનચંદ, હવે તો આવીશને?’

‘અરે સૂરદાસજી, હવે તો મારે ખરો વેપારનો સમય થાયે છે. રાજભોગ આરતીનાં દર્શન કરી વૈષ્ણવો નીચે આવશે અને મારી દુકાનેથી સીધું સામગ્રી ખરીદશે. હું રહ્યો ઘરડો માણસ. પર્વત ઉપરથી દર્શન કરીને નીચે ઉતરું એટલામાં તો બધાં ચાલ્યા જાય. આ સમયે જ મારો વેપાર થાય. હું ઉત્થાપનનાં દર્શન કરવા આવીશ.’

સૂરદાસજી પાછા ગયા. આમ વાણિયાએ ત્રણ દિવસ સુધી બહાનાં બતાવ્યા. સૂરદાસજી થાક્યા વગર, કંટાળ્યા વગર એને બોલાવવા આવતા રહ્યા. ચોથે દિવસે સૂરદાસજીએ મનમાં નક્કી કર્યું કે આજે તો જો જ્ઞાનચંદ ના પાડે તો એને ભય બતાવીને પણ દર્શન કરાવવાં છે.

ચોથે દિવસે મંગળાના સમયે સૂરદાસજી એને બોલાવવા ગયા. કહે છે: ‘જો આજે તું દર્શન કરવા નહિ આવે તો તારી બધી પોલ ખોલી દઈશ. વૈષ્ણવોને કહી દઈશ કે તું જૂઠો છે. તેં કદી શ્રીગોવર્ધનધરનાં દર્શન કર્યાં નથી. તું વૈષ્ણવ પણ થયો નથી.

જ્ઞાનચંદને હવે ડર લાગ્યો. તે તરત સૂરદાસજી સાથે મંગળાના દર્શન કરવા જવા તૈયાર થઈ ગયો. બંને જણ પર્વત ઉપર મંદિરમાં આવ્યા.

દર્શન ખૂલ્યાં. સૂરદાસજીએ શ્રીજીબાવાને વિનંતી કરી : 'મહારાજ, આ વાણિયો દૈવી જીવ છે. તમારી ધજાની નીચે રહે છે. એના મનનું આકર્ષણ કરી એનો ઉદ્ધાર કરજો.'

શ્રીજીબાવાએ સૂરદાસજીની વિનંતી સાંભળી એ વાણિયાને એવાં અદ્‌ભુત દર્શન આપ્યાં કે એનું મન શ્રીનાથજીમાં લાગી ગયું. પોતે આટલાં વર્ષો સુધી દર્શન ન કર્યાં એનો એને પસ્તાવો થયો.

દર્શન થઈ ગયા પછી એણે સૂરદાસજીના પગ પકડી વિનંતી કરી : 'મહારાજ, મારો તો આખો જન્મારો પૈસા ભેગા કરવામાં ગયો. આપની કૃપાથી આજે મને અદ્‌ભુત દર્શન થયાં. હવે તમે મને વૈષ્ણવ કરો. મારી પાસે ઘણું ધન છે. તમે કહેશો તેમ એ ધન હું ખર્ચીશ.'

સૂરદાસજીએ કહ્યું : 'તું નહાઈને આવ. અહીં બેસ. હમણાં શ્રીગુસાંઈજી પધારશે. એ તને વૈષ્ણવ કરશે.'

શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનધર પ્રભુને શૃંગાર ધરી બહાર પધાર્યા. જ્ઞાનચંદ સ્નાન કરીને આવી ગયો હતો. સૂરદાસજીએ શ્રીગુસાંઈજીને બધી વાત કરી. જ્ઞાનચંદને શરણે લેવા માટે વિનંતી કરી.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'સૂરદાસજી, તમે તો આજે સાઈઠ વર્ષનો બુઢ્ઢો બેલ નાથ્યો છે. તમારા વગર આનો જન્મારો નકામો જાત.' પછી શ્રીગુસાંઈજીએ શ્રીનાથજી સન્મુખ તેને બ્રહ્મસંબંધનું દાન કર્યું.

વાણિયાની બુદ્ધિ નિર્મળ થઈ. દરરોજ બધા સમયનાં દર્શન કરવા લાગ્યો. શ્રીગુસાંઈજીને ખૂબ ભેટ કરી. શ્રીજીબાવાનાં વાઘા વસ્ત્ર, આભૂષણ કરાવ્યાં. સામગ્રી આરોગાવી.

સૂરદાસજીએ એને નવાં પદો કરીને સંભળાવ્યાં. એની ભક્તિ દૃઢ થતી ગઈ. શ્રીનાથજીના ચરણોમાં મન લાગી ગયું. આમ સૂરદાસજી એવા ભગવદીય હતા કે તેમના સંગથી આ જ્ઞાનચંદ પણ કૃતાર્થ થઈ ગયો.

* * * * *

૧૦. સવા લાખ પદોની રચના

સૂરદાસજી દરરોજ શ્રીગોવર્ધનનાથજી સન્મુખ કીર્તન કરે છે. નિત્ય નવાં નવાં પદો રચીને ગાય છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમને હૃદયમાં પ્રભુની દિવ્ય લીલાઓનાં દર્શન થાય છે. એ લીલાઓનું વર્ણન કરતાં પદો તેમની વાણીમાંથી પ્રગટે છે.

તેમણે રચેલાં પદો વૈષ્ણવો કીર્તનોની પોથીઓમાં લખી લે છે. આવી ઘણી પોથીઓ ભરાઈ છે. સૂરદાસજીએ વૈષ્ણવો પાસે ગણતરી કરાવી તો એક લાખ પદો રચાયાં છે. સૂરદાસજીએ સવા લાખ પદો રચવાનો સંકલ્પ કરેલો છે.

ધીરે ધીરે સૂરદાસજીની ઉંમર વધતી જાય છે તેમ તેમ તેમનો દેહ અશક્ત થતો જાય છે. સૂરદાસજીને લાગે છે કે પ્રભુની ઈચ્છા તેમને નિત્યલીલામાં બોલાવી લેવાની થઈ છે. તેઓ વિચારે છે કે પ્રભુની લીલા અને યશનું ગાન કરતાં સવા લાખ પદોની રચના કરવાનો મારો સંકલ્પ અધૂરો રહી જશે કે શું? હજી તો એક લાખ પદો જ રચાયાં છે. પચીસ હજાર બાકી છે.

એક દિવસ પોતાનો સંકલ્પ પૂર્ણ થશે કે નહિ તેની ચિંતા કરતા સૂરદાસજી બેઠા હતા ત્યાં સાક્ષાત્ શ્રીગોવર્ધનધર પધાર્યા. એમને દર્શન થયાં. પ્રભુની મધુર વાણી સંભળાઈ.

'સૂરદાસજી, ચિંતા શા માટે કરો છો? તમારો સવા લાખ પદોની રચના કરવાનો સંકલ્પ તો પૂરો થઈ ગયો છે. તમારી પોથીઓમાં પદોની ગણતરી ફરીથી કરાવી જુઓ.'

સૂરદાસજી આ સાંભળતાં આશ્ચર્યચક્તિ થઈ ગયા. પ્રભુ તેમની કેટલી કાળજી રાખે છે એ વિચારથી રોમાંચિત થઈ ગયા.

તેમણે વૈષ્ણવો પાસે પોથીઓ જોવડાવી. ફરીથી ગણતરી કરવા કહ્યું. વૈષ્ણવોએ જોયું તો પોથીમાં વચ્ચે વચ્ચે સુંદર હસ્તાક્ષરથી નવાં પદો લખાયાં છે. એ પદોમાં 'સૂર-શ્યામ'ની છાપ છે. ગણી જોયાં તો આવાં પદો પૂરાં પચ્ચીસ હજાર થયાં.

વૈષ્ણવ કહે છે : 'સૂરદાસજી, ગઈ કાલ સુધી તો પોથીમાં આવા 'સૂર-શ્યામ'ની છાપવાળાં પદો ન હતાં. આજે કેવી રીતે લખાઈ ગયા તે સમજાતું નથી.' આ વૈષ્ણવોને શ્રીગોવર્ધનધરનાં દર્શન થયાં નથી કે વાણી પણ સંભળાઈ નથી. પ્રભુ જેમને પોતાનાં દર્શન આપવાં હોય તેને જ આપે છે.

સૂરદાસજી વિચારે છે કે મેં 'સૂર-શ્યામ'ની છાપવાળાં પદોની રચના આજ સુધી કરી નથી. મારો સંકલ્પ પૂર્ણ કરવા નક્કી શ્રીગોવર્ધનધરે જ આ પદો રચી પોથીમાં ઉમેર્યાં છે. પ્રભુ સત્ય સંકલ્પ છે. મને નિત્યલીલામાં બોલાવવો છે અને મારો સંકલ્પ અધૂરો ન રહે તે પણ જોવું છે માટે જ પચીસ હજાર પદોની રચના કરી સવા લાખ પદો પૂર્ણ કર્યાં છે.

સૂરદાસજીએ દીનતાથી શ્રીગોવર્ધનધર પ્રભુને દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, આપની કૃપાથી આજે મારો સંકલ્પ પૂર્ણ થયો છે. હવે આપ આજ્ઞા કરો તેમ કરું.'

શ્રીગોવર્ધનધરે આજ્ઞા કરી : 'સૂરદાસ, હવે તમે મારી લીલામાં આવી જાવ અને લીલારસનો અનુભવ કરો.'

આ આજ્ઞા સાંભળી સૂરદાસજીએ મનમાં ખૂબ પ્રસન્નતા અનુભવી. શ્રીગોવર્ધનધર પ્રભુને દંડવત કરી વિનંતી કરી : 'જેવી આપની આજ્ઞા પ્રભુ!' શ્રીપ્રભુ અંતર્ધાન થયા.

આમ એક ભગવદીયનો સવા લાખ પદોની રચના કરવાનો સંકલ્પ ભગવાને સ્વયં પૂર્ણ કર્યો. આજે પણ આપણને કીર્તન સાહિત્યમાં 'સૂર-શ્યામ'ની છાપવાળાં આવાં ઘણાં પદો પ્રાપ્ત થાય છે.

આ પ્રસંગ બતાવે છે કે ભગવાન ભક્તવત્સલ છે. ભક્તોના અલૌકિક મનોરથો પૂર્ણ કરે છે.

* * * * *

૧૧. પુષ્ટિમાર્ગનું જહાજ

સૂરદાસજીનો સવા લાખ પદો રચવાનો સંકલ્પ શ્રીજીબાવાએ કૃપા કરીને પૂર્ણ કર્યો છે. હવે સૂરદાસજી પ્રભુની લીલાઓના ચિંતનમાં મગ્ન રહે છે. દિવસે દિવસે તેમનો દેહ અશક્ત થતો જાય છે. એક દિવસ તેમને લાગે છે કે હવે મારે લીલામાં જવાનો સમય આવી ગયો છે. તેમને અંતરમાંથી એવી સ્ફૂરણા થઈ કે શ્રી ગિરિરાજજીની તળેટીમાં આવેલું પરાસોલી ચંદ્રસરોવર કે જ્યાં રાસેશ્વર પ્રભુએ છ માસની રાત્રિ કરી શ્રીગોપીજનો સાથે રાસ કરેલો તે સ્થાન તેમનું લીલાપ્રાપ્તિનું સ્થાન છે.

તે દિવસે સવારે એ વહેલા ઊઠ્યા. સ્નાન વગેરે કરી, પરિચિત વૈષ્ણવોને ભગવદ્ સ્મરણ કરી એ પરાસોલી પહોંચી ગયા. એ અલૌકિક સ્થાનમાં જઈને શ્રીજીબાવાના મંદિરની ધજાને સાષ્ટાંગ દંડવત્ કરીને, ધજાજીની સામે મુખ રાખીને એક ચોતરા ઉપર સૂઈ ગયા.

સૂરદાસજી સૂતાં સૂતાં વિચારે છે કે : 'શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ મારા ઉપર મહાન કૃપા કરી છે અને સાક્ષાત્ શ્રીગોવર્ધનધરની લીલાઓનો આ જ દેહથી મને અનુભવ કરાવ્યો છે; પરંતુ મારા આ અંતિમ સમયે શ્રીગુસાંઈજી કૃપા કરી દર્શન આપે તો મારાં મહાન ભાગ્ય! શ્રીગુસાંઈજી કૃપાના સાગર છે. ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા છે. મારો મનોરથ પણ જરૂર પૂર્ણ કરશે.'

સૂરદાસજી આવું વિચારતા, શ્રીગુસાંઈજીના સ્વરૂપનું ચિંતન કરતા હતા.

આ બાજુ શ્રીનાથજીના મંદિરમાં શ્રીગુસાંઈજી શ્રીજીબાવાને શૃંગાર કરી રહ્યા હતા. આપશ્રીએ સૂરદાસજીને કીર્તન કરતા ન જોયા. સેવકોને પૂછ્યું : 'આજે સૂરદાસજી કેમ દેખાતા નથી?'

એક સેવકે વિનંતી કરી : 'મહારાજ, સૂરદાસજી શ્રીજીબાવાની મંગલા આરતીનાં દર્શન કરી, બધાંને ભગવદ્ સ્મરણ કરી પરાસોલી ગયા છે.'

શ્રીગુસાંઈજીને થયું : 'હવે ભગવદ્ ઈચ્છા સૂરદાસજીને લીલામાં બોલાવવાની થઈ લાગે છે.' આપશ્રીએ વૈષ્ણવોને આજ્ઞા કરી : 'વૈષ્ણવો

પુષ્ટિમાર્ગનું જહાજ પાછું જઈ રહ્યું છે. જેને કંઈ માલ લેવો હોય તે લઈ લેજો. ફરી આવી તક નહિ મળે.'

એ જમાનામાં વિવિધ પ્રકારનો માલ ભરીને પરદેશથી વહાણો આપણા બંદર ઉપર આવે ત્યારે જે વેપારીઓને માલ જોઈતો હોય તેમણે લઈ લેવો પડતો. એ જહાજ જતું રહે પછી માલ ન મળે.

સૂરદાસજી પુષ્ટિમાર્ગના જહાજ સ્વરૂપે ભૂતળ ઉપર ૧૨૫ વર્ષ બિરાજ્યા છે. હવે તેઓ શ્રીપ્રભુની લીલામાં જઈ રહ્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી વૈષ્ણવોને તેમની પાસેથી પુષ્ટિમાર્ગનું અલૌકિક જ્ઞાન મેળવી લેવા સૂચન કરે છે. એ વહાણ ગયા પછી કોઈની પાસેથી એ જ્ઞાન નહિ મળે.

શ્રીગુસાંઈજીની આજ્ઞા સાંભળતાં જ વૈષ્ણવો પરાસોલી જવા તૈયાર થયા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'હું પણ રાજભોગ આરતી કરીને આવું છું.'

વૈષ્ણવો પરાસોલી પહોંચ્યા. સૂરદાસજી બધા વૈષ્ણવોને જોઈને રાજી થયા. શ્રીગુસાંઈજી પધારવાના છે જાણી ખૂબ રાજી થયા. વૈષ્ણવો તેમને કંઈક ને કંઈક પૂછવા લાગ્યા. સૂરદાસજી સૌને જવાબ આપે છે. એટલામાં શ્રીગુસાંઈજી પધાર્યા. સૂરદાસજીના અશક્ત દેહમાં જાણે નવું ચેતન આવ્યું. તેઓ બેઠા થઈ ગયા. શ્રીગુસાંઈજીને દંડવત્ કરી આપશ્રીના ચરણ પકડી લીધા.

કહે છે : 'મહારાજ, આપ પધાર્યા? હું આપની જ વાટ જોતો હતો. આ સમયે આપે કૃપા કરીને મને દર્શન આપ્યાં. મહારાજ હું આપના સ્વરૂપનું જ ચિંતન કરતો હતો. આટલું કહીં સૂરદાસજીએ સારંગ રાગમાં એક કીર્તન ગાયું.

દેખો દેખો હરિ જુ કો એક સુભાવ ।
અતિ ગંભીર, ઉદાર ઉદધિ પ્રભુ જ્ઞાની સિરોમનરાય ॥

આ કીર્તન સાંભળી શ્રીગુસાંઈજી ખૂબ પ્રસન્ન થયા. તે સમયે ઘણા વૈષ્ણવો ત્યાં ઊભા હતા. એમનામાંથી ચતુર્ભુજદાસે એક પ્રશ્ન પૂછયો : 'સૂરદાસજી, આપે શ્રીઠાકોરજીના ગુણગાન ગાતાં સવાલાખ પદો રચ્યાં છે; પરંતુ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીના યશનું વર્ણન કરતા પદો રચ્યાં નથી. એનું કારણ શું?

સૂરદાસજીએ ફરીથી શ્રીગુસાંઈજીના ચરણ પકડી લીધા અને ગદ્ ગદ્ કંઠે એક પદ ગાયું.

દૃઢ ઈન ચરનન કેરો ભરોંસો ।
શ્રીવલ્લભ નખચંદ્ર છટા બિનુ સબ જગમાં જુ અંધેરો ॥૧॥
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોંત નિબેરો ।
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો, બિના મોલ કો ચેરો ॥૨॥

કહે છે : ચતુર્ભુજદાસ મને તો આ શ્રીગુસાંઈજીના ચરણકમલનો દૃઢ આશ્રય છે. દૃઢ વિશ્વાસ છે. શ્રીમહાપ્રભુજીના ચરણના નખચંદ્રનો પ્રકાશ જગતમાં સર્વત્ર પ્રસરી રહ્યો છે. એના વિના બધે અંધારું હોત. આ કલિયુગમાં એ સિવાય જીવના ઉદ્ધાર માટે બીજું કોઈ સાધન નથી. હું તો એમનો વિના મૂલ્યનો દાસ જીવનભર રહ્યો છું. મને શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી કદી જુદા દેખાયા નથી. મેં બંનેને એક જ સ્વરૂપે જોયા છે. પછી હું બંનેના જુદાં ગુણગાન શા માટે ગાઉં? મેં જે શ્રીઠાકોરજીના પદો ગાયાં છે તે શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલનાં પદો છે એમ જ સમજજો.'

સૂરદાસજીના હૃદયની આવી ઉત્તમ ભાવના જાણી બધાંને બહુ આનંદ થયો. સૌએ કહ્યું : 'ધન્ય છે તમારી આવી દૃઢ ગુરુભક્તિને.'

ચતુર્ભુજદાસજી કહે છે : 'સૂરદાસજી, તમારા વગર આવો અલૌકિક ભાવ કોણ બતાવે? હવે આપ કૃપા કરી અમને આપણા પુષ્ટિ ભક્તિમાર્ગનું સ્વરૂપ સમજાવો.'

ત્યારે સૂરદાસજીએ એક પદ ગાયું. ભજ સખિ ભાવ-ભાવિક દેવ. આ પદમાં સૂરદાસજીએ સમજાવ્યું કે શ્રીગોપીજનોએ જેવા ભાવથી શ્રીઠાકોરજીને ભજ્યા હતા તેવા ભાવથી શ્રીઠાકોરજીને ભજવા. તેમની સેવા કરવી. કરોડો સાધનો કરવાથી પ્રભુ પ્રસન્ન થતા નથી પરંતુ પ્રેમથી સેવા કરવાથી પ્રભુ વશ થાય છે; પ્રસન્ન થાય છે. પુષ્ટિમાર્ગની ભક્તિનું આવું સ્વરૂપ છે.'

ધીરે ધીરે સૂરદાસજીનું શરીર શિથિલ થવા લાગ્યું. તેઓ જાણે કોઈ ઊંડા

ચિંતનમાં ગરકાવ થઈ ગયા હોય તેવું લાગ્યું. ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછયું : ‘સૂરદાસજી, અત્યારે તમે ચિત્તમાં શું વિચારી રહ્યા છો?’

પ્રશ્નના જવાબમાં સૂરદાસજીએ શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીની સહજ પ્રીતિ વર્ણવતું એક પદ ગાયું.

‘બલિ બલિ હૌં કુંવરી રાધિકા’ સૌ વૈષ્ણવો ધ્યાનથી આ પદ સાંભળી રહ્યા હતા. સૂરદાસજીની મધુર વાણીમાં વળી એક બીજું પદ પ્રગટ્યું. ‘ખંજન નયન રૂપ રસમાતે’ આ પદમાં તેમણે પ્રભુનાં દર્શન માટેની આતુરતા વર્ણવી. પદ ગાતાં ગાતાં યુગલ સ્વરૂપનું ધ્યાન ધરી આ લૌકિક શરીર છોડી તેઓ પ્રભુની નિત્યલીલામાં પ્રાપ્ત થયા.

આ સૂરદાસજી હંમેશા માનસી સેવામાં મગ્ન રહેતા. પ્રભુની લીલાના ચિંતનમાં ડૂબેલા રહેતા. તેમનામાં ખૂબ દીનતા હતી. પરોપકારની ભાવના હતી. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા સૌ વૈષ્ણવો તેમના ઉપર પ્રસન્ન રહેતા. સૌને તેઓ પ્રેમથી માર્ગના સિદ્ધાંત સમજાવતા. એમના જેવા ભગવદીય કરોડોમાં પણ મળવા દુર્લભ છે. અહીં આપણે આવા સૂરદાસજીનું દિવ્ય ચરિત્ર જોયું. તેમને આપણા સૌનાં અનેકાનેક વંદન.

■